# શહેરના હાર્દ સમા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ અતર્ગત એક નવું નજરાણું ઉમેરાયું

## રૂ. ૩૪.૭૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગ-૪ જંકશન પર અંડરપાસનું લોકાર્પણ કરતાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ





ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં વિધાનસભા થી મહાત્મા મંદિર વચ્ચેના હાર્દ સમા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટ અતર્ગત રૂ. ૩૪.૭૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ગાંધીનગર શહેરમાં ગ-૪ જંકશન પર અંડરપાસ નું આજે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેકટ અતર્ગત ચ-૪ થી ગ-૪ વચ્ચેના રસ્તાને રાજમાર્ગીય તરીકે વિકાસ કરવામાં આવ્યો છે.આ રસ્તા ઉપર ઘ-૪ તેમજ ગ-૪ સેન્ટ્રલ વિસ્ટા ની એકસુત્રતા જંકશન ના કારણે જળવાતી નહતી તેમજ ઘ-૪ જંકશન ઉપર છ રસ્તા ખુલતા હોવાથી ટ્રાફિક ની અડચણ પણ ઘણીજ રહેતી હતી. આથી સેન્ટ્રલ વિસ્ટા ના મંજુર થયેલ નકશા અનુસાર સેન્ટ્રલ વિસ્ટા ડેવેલોપમેન્ટ કરવા માટે ગ-૪ તેમજ ઘ-૪ ઉપર ગ તેમજ ઘ રોડ ઉપર અન્ડરપાસ બનાવવાની કામગીરી ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવેલોપમેન્ટ લી. દ્વારા કરવામાં આવી રહી છે જે અંતર્ગત ઘ -૪ જંકશન પર અન્ડરપાસનું નિર્માણ કાર્ય ગયા વર્ષે પૂર્ણ કરીને નાગરિકોની સેવામાં ખુલ્લો મૂકવામાં આવ્યો છે અને ગ-૪ અન્ડરપાસ આજે ખુલ્લો મૂકાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે,આ અડરપાસ ના ગ - ૪ જંકશન પર અન્ડરપાસના બોક્ષની લંબાઈ ૧૬૩ મીટર તથા બંને તરફના એપ્રોચની લંબાઈ ૬૯૪ મીટર થઈને કુલ લંબાઈ ૮૫૭ મીટર તથા પહોળાઈ ૧૫.૨૦ મીટર થાય છે. અન્ડરપાસમાં રાત્રીના સમયમાં પુરતો અજવાશ જળવાઈ રહે એ હેતુથી અત્યાધુનિક લાઈટ્સ નાખવામાં આવી છે.અન્ડરપાસમાં એપ્રોચ તથા બોક્સમાં રાહદારી ઓ ચાલી શકે એ હેતુથી ફૂટપાથ પણ બનાવવામાં આવી છે. આ ઉપરાંત કોઈ અકસ્માત ન થાય તથા રોડ સેફટી જળવાઈ રહે એ હેતુથી બંને તરફ ક્રેશ બેરીયર પણ લગાવવામાં આવ્યા છે.

ચોમાસા દરમિયાન અન્ડરપાસના બોક્સમાં પાણી ન

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભાની ચૂંટણી પારદર્શિતાથી કરાશે : મુખ્ય ચૂંટણી કમિશનર

## ૧૦મી ઓક્ટોબરે આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ કરાશે : આગામી વિધાનસભા ચૂંટણીમાં ૫૦% થી વધુ મતદાન મથકો પર મતદાનમાં વેબ કાસ્ટિંગ થી નજર રખાશે : વયોવૃદ્ધ મતદારો ઘરેથી મતદાન કરવા ઈચ્છતા હોય તો તેમના માટે ઘરે મતદાનની વ્યવસ્થા કરાશે

ગાંધીનગર, તા. ૨૭

સૌની સક્રિયતા સાથે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી ગુજરાત વિધાનસભાની આગામી સામાન્ય ચૂટણીઓ વધુ પારદર્શિતા સાથે સંપન્ન કરવા માટે ચૂંટણી પંચ કટિબદ્ધ હોવાનું મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે આજે જણાવ્યુ હતુ.

બે દિવસના પ્રવાસના અંતે આજે ભરચક પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યુ હતુ કે મતદારોની સક્રિયતા અને સતર્કતા સાથે પંચ પણ ટેકનોલોજીના મહત્તમ સહયોગ સાથે ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્વક, નિષ્પક્ષ અને પ્રભાવયુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે જોશે.

તેમણે મતદાર નોંધણીના નિયમોમાં કરાયેલા ફેરફારથી યુવા મતદારોની નોંધણી વધુ થાય એટલુ જ નહિ યુવા મતદારો વધુ મતદાન કરે તે આશય પંચનો છે.

રાજીવકુમારે જણાવ્યુ હતુ કે પંચ દ્વારા ચૂંટણી યોજનાની સૌ પ્રથમ જાહેરાત મિડિયા સમક્ષ કરશે. પંચ દિલ્હી ગયા બાદ બધા જ પાસાઓનો નિર્ણય કરી ચૂંટણી માટેનો સમય નિશ્ચિત કરશે.

તેમણે કહ્યુ હતુ કે દરેક વિધાનસભામાં એક મોડેલ મતદાન મથક બનાવવામાં આવશે. છ જેટલા મતદાન મથકો સંપૂર્ણ મહિલા સંચાલિત હશે.

તેમણે કહ્યુ હતુ કે જે વૃધ્ધ મતદારો છે અને ૪૦ ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા મતદારોને ઘરેથી મતદાન કરી શકે તે અભિગમ પહેલીવાર ગુજરાતમાં અપનાવાશે. આ માટે ચૂંટણી જાહેર થતાં ફોર્મ ૧૨ ડી ભરીને તંત્ર સમક્ષ રજુ કરવાનુ રહેશે.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે આગામી વિધાનસભા ચૂંટણીમાં ૫૦% થી વધુ મતદાન મથકો ઉપર મતદાનનું વેબકાસ્ટિંગ કરવામાં આવશે અને ચૂંટણી પંચ સીધું જ મતદાન મથક ઉપર થઈ રહેલા મતદાન ઉપર નજર રાખશે.

તેમણે જણાવ્યું હતું કે મતદાન મથકો પર મતદાન પર નજર રાખવા માટે ચૂંટણી પંચે આ વખતે ૫૦% થી વધુ મતદાન મથકો ઉપર વેબ કાસ્ટિંગ દ્વારા ધ્યાન રાખવામાં આવશે જેથી કરીને મતદાન સંદર્ભે કોઈ પણ ફરિયાદ હોય તો રેકોર્ડિંગ જોઈને તેનો ઉકેલ લાવી શકાય.

તેમણે જણાવ્યું હતું કે આ વખતે ચૂંટણી પંચે વિધાનસભાની ચૂંટણી દરમિયાન વિધાનસભા મત વિસ્તારમાં સાત બુથ એવા નક્કી કર્યા છે કે એ મતદાન મથકો ઉપર માત્ર મહિલા કર્મચારીઓ જ ચૂંટણી કામગીરીની ફરજ નિભાવશે. આ ઉપરાંત એક મતદાન મથક પર માત્ર દિવ્યાંગો ઉપસ્થિત રહીને મતદારોને આવકારશે.

તેમણે જણાવ્યું હતું કે ૮૦ વર્ષ કરતાં વધુ વય ધરાવતા વાયોવૃદ્ધ મતદારો જો મતદાન મથક ઉપર મતદાન કરવા માટે આવી શકે તેમ ન હોય અને

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાના ૪ કેસ

## ગ્રામ્યમાં 3 નવા કેસ અને શહેરમાં એક નવો કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ અને શહેરમાં એક કેસ નોંધાયો છે.

શહેર-જિલ્લામાં આજે નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી જ થયાનું પ્રાથમિક તપાસમાં જણાઈ આવેલ છે. શહેર-જિલ્લામાં સતત કેસોની સંખ્યામાં ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવા ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં એક અને કલોલ તાલુકામાં બે કેસ નોંધાયા છે. આ બે તાલુકા બીજી અને ત્રીજી લ્હેર વખતે પણ સંવેદનશીલ રહ્યા છે. આ વખતે પણ આ બે તાલુકામાંથી સતત કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ ૩ કેસમાં બે મહિલા દર્દી છે. આ બન્ને મહિલા દર્દી કલોલ તાલુકામાંથી મળ્યા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગાંધીનગર તાલુકાના વાસન ગામેથી ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૨૪ વર્ષીય મહિલા અને નાસ્મેદ ગામેથી ૨૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જિલ્લામાં આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે વધુ ૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.



યુવાધન હિલોળે ચડ્યું - ઘોર અંધારી રાતલડીમાં નિસર્યા ચાર અસવાર.... માને પહેલે ઘોડે રે... પ્રાચીન અને અર્વાચીન ગરબાઓનું અનેરૂ સંમિશ્રણ એટલે કલ્ચરલ ફોરમના મેદાનમાં ખેલાઈ રહેલા ગરબાની તસવીર... આ તસવીરમાં યુવાનો મન મુકીને ગરબે ઘુમ્યા હતા... એટલું જ નહિ પણ ગરબાનો આનંદ પણ ચહેરા પર સ્પષ્ટ દર્શાઈ આવતો હતો....

# ન્યુ ગાંધીનગરમાં ગુડા ૯ કરોડના ખર્ચે નવા ૬ બગીચાઓ બનાવશે

## અગાઉ ૬ બગીચાનુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ જયારે નવા બગીચાઓનુ દિવાળી પુર્વે લોકાર્પણ કરાશે : ઉદ્યાન નિર્માણની યોજનાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવાના અભિગમ સાથે ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં નવા ૬ બગીચા તૈયાર કરવામાં આવશે નવા બગીચા બનાવાની યોજના અન્વયે દિવાળી પુર્વે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામ શરૂ કરી દેવાશે ગુડા દ્વારા અગાઉ ન્યુ ગાંધીનગરમાં નવા ૭ બગાચી બનાવાયા છે. જયારે ટુંકમાં જ આ ઉદ્યાનોનુ લોકાર્પણ પણ કરવામાં આવશે. નવા બગીચાઓ બનાવવા માટે અંદાજિત રૂ ૮.૭૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગત બજેટમાં ૧૩ બગીચાના કામ માટે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી. ગુડાને કપાતમાં મળેલી જમીનમાં અનામત રાખવામાં આવેલા પ્લોટની પસંદગી કરીને આગામી દિવસોમા નવા બગીચા તૈયાર કરવામાં આવશે. ગુડા દ્વારા અગાઉ જે ૧૩ બગીચા બનાવાનુ આયોજન કરાયુ હતુ તે પૈકી ૭ બગીચા તૈયાર થઈ ગયા છે. અલબત્ત ફાઈનલ ટચિંગ જેવુ કામ જ બાકી છે. ત્યારે ટુંકમાં આ ઉદ્યાનોનુ લોકાર્પણ પણ કરી દેવાશે. આ બગીચાઓના નિર્માણ પાછળ પણ અંદાજિત રૂ ૪.૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં કુડાસણમાં ૩, વાવોલમાં ૩ અને સરગાસણમાં એક બગીચો તૈયાર કરાયો છે. ટાઉન પ્લાનીંગ સ્કીમ નં એકમાં કોબા, રાયસણ વિસ્તાર તેમજ સ્કીમ નં -૨ માં કોબા, કુડાસણ અને સરગાસણ વિસ્તાર ઉપરાંત ધોળાકુવા વિસ્તાર ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૭ માં સરગાસણ, કુડાસણ, તેમજ પોર વિસ્તારનો સમાવેશ થાય છે. જયારે ગુડા વિસ્તારમાં કુલ ૧૩ નવા ઉદ્યાનો બનાવાની યોજના અન્વયે અત્યાર સુધીમાં ૭ બગીચાઓ તૈયાર કરી દેવાયા છે. જયારે અન્ય નવા ૬ બગીચા બનાવાશે જયારે આ ઉદ્યાનોના નિર્માણ પાછળ રૂ ૮.૭૪ કરોડનો ખર્ચ કરાશે આગામી દિવસોમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ શરૂ કરી દેવાશે. ન્યુ ગાંધીનગરમાં પણ શહેરમાં જેમ સેકટરવાસીઓને સેકટરે સેકટરે બગીચાની સુવિધા મળી રહી છે. તેમ વિવિધ ટી પી વિસ્તારમાં પણ નવા બગીચા બનાવાનુ આયોજન કરાયુ છે. ગાંધીનગર શહેરમાં પણ હાલ સેકટરોમાં સ્થિત ઉદ્યાનોની રોનક નિખરી છે. વર્ષોના અંતે કંગાળ અને ઉજ્જડ બનેલા ઉદ્યાનોને નિખારવા માટે કોર્પોરેશન કક્ષાએથી કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જેના અંતે સેકટરોમાં હાલ ઉદ્યાનોની રોનક નિખરી છે. સેકટરોમાં નવા ઉદ્યાનો બાંધવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે ગુડા વિસ્તાર અલબત્ત ન્યુ ગાંધીનગરમાં પણ ઉદ્યાનોના નિર્માણના અંતે હરિયાળી નિખરશે

# ગાંધીનગરના ચારેય તાલુકામાં વિવિધ માર્ગોના રીસરફેસીંગ માટે ૭૮ કરોડના ખર્ચને મંજુરી

## વડોદરા દહેગામ, બાલવા શાહપુર એપ્રોચ, વાવોલ-ઉવારસદ-રાંધેજા-બાલવા સહીતના વિવિધ માર્ગોના રીસરફેસીંગની કામગીરી ટુંકમાં હાથ ધરાશે.

ગાંધીનગર તા ૨૭

વરસાદી દિવસો પુર્ણ થતા હવે શહેરની જેમ જિલ્લાના વિવિધ માર્ગો તેમજ તાલુકા કક્ષાએ જોડાયેલા રસ્તાઓનુ પણ રીસરફેસીંગ હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. આ માટે ચારેય તાલુકાના માર્ગોની સુધારણા માટે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી રૂ ૭૮ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ કાર્યયોજનાને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાશે શહેરની સાથે હવે જિલ્લામાં પણ વિવિધ માર્ગોની દશા સુધારવા માટે તંત્ર કામે લાગશે.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. વરસાદી દિવસોમાં આમ પણ છેલ્લા ચાર મહીનાથી માર્ગોના રીસરફેસીંગના કામો બંધ છે. શહેરમાં પણ હવે નવરાત દરમિયાન માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. વરસાદી દિવસોમાં શહેરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક માર્ગોની દશા અત્યંત ખરાબ થઈ ગઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. આ ઉપરાંત મુખ્યમાર્ગોના રીસરફેસીંગની કામગીરી પણ બાકી છે. ત્યારે જિલ્લામાં પણ મુખ્યમાર્ગોને અનુલક્ષી તંત્ર દ્વારા માર્ગ વાઈડનીંગ તેમજ રીસરફેસીંગની કામગીરી માટે તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શહેર ઉપરાંત ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલા માર્ગો પર પણ તબક્કાવાર ઓવરબ્રિજ બાંધવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## તાલુકાને જોડતા વિવિધ માર્ગોનુ પેચવર્ક શરૂ કરાયુ

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ઉબડ ખાબડ માર્ગોનુ પેચવર્ક કરવામાં આવ્યુ છે. નવરાત પર્વ દરમિયાન સેકટરવાસીઓને હાલાકી ન વેઠવી પડે તે માટે માર્ગો પર થાગડ થીગટ કરવામાં આવે છે. જયારે શહેરની જેમ તાલુકામાં પણ વરસાદમાં ધોવાયેલા માર્ગો પર પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં વરસાદી દિવસોના અંતે માર્ગોની દશા અત્યંત ખરાબ છે જયારે નવરાત બાદ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાનુ આયોજન કરાયુ છે. નવા સેકટરોમાં આમ પણ આંતરિક માર્ગોના રીસરફેસીંગને ચાર વર્ષથી વધુ સમય પુરો થઈ ગયો છે. ત્યારે આગામી દિવસોમાં કોર્પોરેશન કક્ષાએથી આંતરિક માર્ગોનુ કામ હાથ ધરવામાં આવશે જયારે હાલ નવરાત પર્વને અનુલક્ષી સેકટરોમાં શેરી ગરબાની ઉજવણી પણ વિશેષ રીતે થાય છે.

જયારે આ વેળાએ સેકટરોના રીંગ રોડ સહીત આંતરિક માર્ગો પર સતત વરસાદના લીધે મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા હતા જેના લીધે સ્થાનિકો દ્વારા પણ તંત્ર સમક્ષ આ ગાબડા પુરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી જેને અનુલક્ષી શહેરના સેકટરોમાં જયાં પણ માર્ગો ઉબડ ખાબડ બન્યા હોય ત્યાં તંત્ર દ્વારા પેચવર્ક હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે નવરાત પર્વ દરમિયાન નાગરિકોને હાલાકી ન વેઠવી પડે.

શહેરની સાથે જિલ્લામાં પણ વરસાદી દિવસોના અંતે માર્ગોની હાલત ખરાબ છે. જેને અનુલક્ષીને આગામી દિવસોમાં માર્ગોના રીસરફેસીંગ માટે આયોજન કરાયુ છે. જયારે આ ઉપરાંત હાલ જિલ્લામાં વિવિધ માર્ગોના ગાબડા પુરવા અલબત્ત માર્ગ સલામતીને ધ્યાને લઈ પેચવર્ક પણ શરૂ કરી દેવાયુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નવા ગાંધીનગરમાં ડામર રસ્તાના બદલે સી સી રોડ બનાવવા રજુઆત

## ડામર રસ્તા ટૂંકાગાળામાં ધોવાઈ જતા શોપિંગ વિસ્તારની જેમ ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં પણ ડામર રસ્તા બનાવો જાગૃત નાગરિક ની રજુઆત

ગાંધીનગર, તા.૨૭

ન્યુ ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં માર્ગો પર ખાડા પડી ગયા છે ડામર માર્ગોનુ ચોમાસામાં ધોવાણ થતા નવા રસ્તાને અનુલક્ષી સી સી રોડ નું કામ કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે સિમેન્ટ કોંક્રીટ ના રસ્તા બનાવા માટે જાગૃત નાગરિકે તંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે

શહેરના સેક્ટરોની જેમ ન્યુ ગાંધીનગરમાં પણ ડામર રોડ બનાવવામાં આવેલા છે. જે ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જવાથી માર્ગો પર ખાડા પડી ગયાં છે માર્ગ સલામતી જોખમાઈ છે ત્યારે ગાંધીનગરના જાગૃત નાગરિકોએ જણાવ્યું છે કે, ગાંધીનગરમાં રી-સરફેશ કરેલા રસ્તાઓ છેલ્લા ચોમાસામાં ફરીથી ધોવાઈ ગયા છે. તેથી ન્યુ ગાંધીનગરના વિસ્તાર અને સેક્ટરોના આંતરીક રસ્તાઓ ડામરના બદલે સીમેન્ટ કોંક્રીટના બનાવવામાં આવે તો લાંબા સમય સુધી રોડ ટકી રહેશે અને રહેવાસીઓની હાલાકી ઘટશે.તેમના જણાવ્યા મુજબ સે ૭ના મોટા શોપીંગ પાસે પાર્કીંગ માટે સિમેન્ટ કોંક્રીટનું જે કામ કરવામાં આવ્યું છે, તેને પંદર વર્ષ થયા છે. જ્યારે ડામરના જે માર્ગો બનાવવામાં આવ્યા છે, તે માર્ગો ચોમાસાના પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જાય છે. આ માર્ગ બનાવવા કરતાં રીપેરીંગમાં વધારે ખર્ચા થાય છે. મશીનોથી ડામરના રસ્તાઓ બવાવવાના કારણે આસપાસના મકાનોના પાયા પણ નબળા પડે છે. ડામરકામ બંધ કરાવી સીમેન્ટ કોંક્રીટના આંતરીક

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com